પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૬ | ૧૬ નવેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કુંભમેળામાં હુમલાનું ષડયંત્રનો પર્દાફાશ

**મલયાલમ ભાષામાં વાયરલ થયેલી ઓડિયામાં ખુલાસો, ઓડિયોમાં આતંકી રાશિદ અબ્દુલ્લાહનો અવાજ કુંભમેળામાં કે બીજા તહેવારોમાં લાસવેગાસ જેવા હુમલા કરવાની ચીમકી ઉચ્ચારી, સુરક્ષા એજન્સીઓ સતર્ક બની**



ન્યુ દિલ્હી,તા.૧૫
તાજેતરમાં આંતકી સંગઠન ISISની એક ઓડીયો ક્લીપ સામે આવે છે. જેમાં તેમનો ભારતમાં રહેતો એક આંતકી તેના સમર્થકોને ભડકાવી રહ્યો છે. મલયાલમ ભાષામા વાયરલ થયેલી આ ઓડીયો ક્લિપમાં આંતકી તેના સમર્થકોને કુભના મેળામાં હુમલો કરવા માટે ઉશ્કેરી રહ્યો છે. આ આંતકી તેના સમર્થકોને કહી રહ્યો છે કે કુંળ મેળામાં અને ત્રિશૂર પુરમ (કેરળમાં મનાવવામાં આવતો એક હિન્દુ તહેવાર) ઉપર હુમલો કરવો જોઈએ. આ વાયરલ ઓડીયો ક્લિપમાં આંતકી ભારતમાં રહેતા તેના સમર્થકોને કહી રહ્યો છે કે તમે લોકોના ખાવામાં ઝહેર ભેળવી શકો છો, કુંભ અને ત્રિશુર પુરમના તહેવાર દરમિયાન લોકો ઉપર ટ્રક પણ ચડાવી શકો છો. આગળ આંતકી કહે છે કે આપણા એક સમર્થકે લાસ વેગાસમાં એકલાએ કેટલાય લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. તમે ઓછામાં ઓછી એક ટ્રેનને પાટા ઉપર નીચે ઉતાળવાનો પ્રયત્નો કરો અથવા ચાકુથી હુમલાને અંજામ આપો. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા લાસ વેગાસમાં હુમલો થયો હતો, જેમાં ૫૦ થી વધારે લોકોના

● અનુસંધાન પાન-૫ પર

## ઉત્તર કેલિફોર્નિયામાં અંધાધૂંધ ગોળીબાર

**વહેલી સવારે અજાણ્યા હુમલાખોરે સાત જગ્યાએ કરેલા ગોળીબારથી દહેશત : બે બાળકો સહિત ચારના મોત**

કેલિફોર્નિયા,તા. ૧૫
અમેરિકાના ઉત્તર કેલિફોર્નિયાના રાજયના ઉત્તરીય ભાગની એક સ્કૂલ સહિત ગ્રામીણ વિસ્તારમાં અજાણ્યા હુમલાખોરોએ આજે એકાએક કરેલા અંધાધૂંધ ફાયરીંગમાં ચાર નિર્દોષ લોકોના મોત નીપજયા હતા, જયારે કેટલાક લોકોને વત્તા ઓછા અંશે ઈજા પહોંચી હતી. ફાયરીંગ અને હુમલાની આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. સમગ્ર કેલિફોર્નિયા અને અમેરિકામાં ઘટનાની ભારે નિંદા થતી જોવા મળી હતી. પોલીસે સમગ્ર ઘટના અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, અમેરિકાના ઉત્તર કેલિફોર્નિયા રાજયના ઉત્તરીય ક્ષેત્રની એક સ્કૂલ સહિતના ગ્રામીણ વિસ્તારમાં અજાણ્યા હુમલાખોરોએ અચાનક અને અંધાધૂંધ ફાયરીંગ કર્યુ હતું. હુમલાખોરોએ નિર્દોષ લોકો પર બેફામ અને આડેધડ રીતે ગોળીઓ વરસાવી હતી. ઉત્તર કેલિફોર્નિયામાં સાતથી વધુ જગ્યાઓ પર કરાયેલા આ ફાયરીંગના હુમલામાં ચાર નિર્દોષ લોકોના મોત નીપજયા હતા,

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### કેરાલાના વાહનવ્યવહાર મંત્રીનું રાજીનામુ



કેરાલાના વાહનવ્યવહાર મંત્રી થોમસ ચાંડીએ પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. જમીન હડપ કરવાના આરોપો લાગ્યા બાદ તેઓએ આ પગલુ લીધુ છે.

### ગુજ્જરોને અનામત મુદ્દે રાજસ્થાન સરકારની પીછેહઠ

રાજસ્થાનની વસુંધરા રાજે સરકારને ગુજ્જરોને અનામત મુદ્દે પીછેહઠ કરવી પડી છે. સુપ્રિમ કોર્ટે આ મામલે સરકારે લીધેલા તમામ પગલા અટકાવ્યા છે.

### દક્ષિણ કોરિયાના દરિયાકિનારે ભૂકંપ



દક્ષિણ કોરિયાના દરિયા કિનારે ૫.૫ની તીવ્રતાવાળો ભૂકંપ આવ્યો હતો. તંત્રએ બચાવ અને રાહત કામગીરી શરૂ કરી છે.

## કોલકાતા ખાતે ભારત-શ્રીલંકા વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ મેચ

**કેપ્ટન કોહલી અને રહાણેના પરફોર્મન્સ પર સૌની નજર શ્રીલંકાની બોલિંગ હૈરાથ અને મેથ્યુસ પર આધારિત રહેશે**

કોલકાતા,તા.૧૫
લગભગ અઢી મહિના બાદ ફરી એકવખત ભારત શ્રીલંકા સામે ટેસ્ટ સીરીઝ રમવા માટે કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે આવતીકાલે મેદાનમાં ઉતરશે. ભારત આ ટેસ્ટમાં પોતાના અગાઉના પ્રદર્શનને પુનવર્તિત કરવાના મૂડમાં છે. જુલાઈ ઓગસ્ટમાં શ્રીલંકા અને તેણે તેના ઘરમાં ૩-૦થી કારમો પરાજય આપ્યો હતો. હવે આ વખતે તે ઘરઆંગણે પ્રવાસી શ્રીલંકાની ટીમને ક્લીનસ્વીપ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ભારતનું જે તાજેતરમાં શાનદાર પ્રદર્શન રહ્યું છે તેમાં શ્રીલંકાને તેણે તેના જ ઘરમાં વનડે અને ટ્વેન્ટી-૨૦માં પરાજિત કર્યા પહેલા ઓસ્ટ્રેલિયા અને ત્યારબાદ ન્યુઝીલેન્ડને પરાજય આપ્યો હતો જ્યાં બીજી તરફ શ્રીલંકા ઘરઆંગણે ભારત સામે હાર બાદ તેણે પાકિસ્તાનને બે ટેસ્ટ મેચોની સીરીઝમાં પરાજય આપ્યો હતો પરંતુ પાકિસ્તાન સામે તેને વનડે અને ટી-૨૦માં હાર મળી હતી. ભારતનું હાલનું પ્રદર્શન જોતા શ્રીલંકાની સામે ભારતનું મજબૂત પાસુ આ શ્રેણીમાં જોવા મળશે. વિરાટ કોહલીના નેતૃત્વવાળી ભારતીય ટીમને આગામી વર્ષે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જવાનું છે. આ અગાઉ શ્રીલંકા સામેની આશ્રેણી ભારતની તૈયારીઓ માટે ખુબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. કોહલી ઉપરાંત વાઈસ કેપ્ટન અજિન્ક્યે રહાણે પણ તેનો બેટિંગ પરફોર્મન્સ બતાવે તે ખુબ જરૂરી બન્યું છે. કોહલીએ ફેબ્રુઆરીમાં બાંગ્લાદેશ સામે ૨૦૪ રન બનાવ્યા હતા. ત્યાં રહાણેએ ગત વર્ષે ઈન્દોરમાં ન્યુઝીલેન્ડની ટીમ સામે ૧૮૮ રનની ઈનિંગ્સ રમી હતી. કોહલીએ ટેસ્ટની છેલ્લી પાંચ ઈનિંગ્સમાં એક પણ અર્ધી સદી બનાવી નથી.

## ૨૦ વર્ષનો કાશ્મીરી ફુટબોલર લશ્કર એ તૌયબામાં જોડાયો

**યુવાનો આતંકી બનતા તંત્ર માટે ચિંતાનો વિષય : અઢી મહિનામાં ૩૧ યુવાનો લશ્કર એ તૌયબા અને જૈશ એ મોહમંદ જેવા ત્રાસવાદી સંગઠનોમાં જોડાતા ખળભળાટ**

જમ્મુ,તા.૧૫
કાશ્મીરમાં હાલના દિવસોમાં યુવાનો વચ્ચે કટ્ટરપંથીઓ અને આંતકવાદી સંગઠનો સાથે જોડાવા માટેનો ખતરનાક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આ યાદીમાં નવું નામ ૨૦ વર્ષના માજીદ ખાનનું છે. માજીદ ખાન જિલ્લા સ્તરનો આશાસ્પદ ફુટબોલ ખેલાડી છે અને મૂળ અંનતનાગનો રહેવાસી છે. થોડા દિવસ પહેલાં જ તેણે આંતકવાદી સંગઠન સાથે જોડાયો હોવાનું એલાન કર્યુ હતું. તેના આ નિર્ણયથી તેના પરિવારજનો, સગાવ્હાલા અને મિત્રવર્તુળ ઘેરા આઘાતમાં છે. અનંતનાગમાં સરકારી બોયઝ ડિગ્રી કોલેજમાંથી ગ્રેજયુએશન કરી રહેલ માજીદ ખાન સાદિકાબાદ વિસ્તારનો રહેવાસી છે. તેના દોસ્ત યાવર નાસિરે આ વર્ષે જ જૂલાઈમાં હિઝબુલ મુઝાહીદીન જોઈન્ટ કર્યું હતું. આ આંતકવાદી સંગઠન સાથે જોડાયાના માત્ર પંદર દિવસમાં જ તા.૩જી ઓગસ્ટે નાસીરનું મોત સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં થયુંહતું.

તાજેતરમાં એકે-૪૭ સાથે માજીદ ખાનની તસ્વીરો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ હતી. એ પછી બધાને ખબર પડી કે, આ આશાસ્પદ યુવાન લશ્કર એ તૌયબા સાથે જોડાઈ ગયો છે.

## હું રોબોટ નથી મારે પણ આરામની જરૂર પડે છે : વિરાટ કોહલી

કોલકાતા, તા. ૧૫
ઈડન ગાર્ડન ખાતે પ્રવાસી શ્રીલંકા સામે પ્રથમ ટેસ્ટ મેચ અગાઉ ટીમ ઈન્ડિયાના સુકાની વિરાટ કોહલીએ ટિકાકારોને જડબાતોડ જવાબ આપતા કહ્યું કે, હું કોઈ રોબોટ નથી. મારી ચામડી કાપી જુઓ લોહી જ નિકળશે. કેપ્ટન કોહલીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે પૂર્વ ક્રિકેટરો દ્વારા યુવા ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને શ્રીલંકાની ટેસ્ટ સીરીઝમાં આરામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોહલીએ મિડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, ટીમને ત્રણેય ફોર્મેટમાં રમનાર ખેલાડીઓની જરૂર હોય છે. આમ છતાં તેણે ઈશારો કર્યો કે, દરેક ક્રિકેટરોને આરામની પણ જરૂર હોય છે. કોહલીએ તેની આગવી સ્ટાઈલમાં કહ્યું કે, હું રોબોટ નથી. મારી ચામડીને ચેક કરો તો તમને લોહી જ મળશે.





સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને આરામ આપવાના નિર્ણયને તેણે યોગ્ય ઠેરવતા કહ્યું કે, દરેક ભારતીય ક્રિકેટર એક વર્ષન અંદર

**હાર્દિકના નિર્ણયને કોહલીએ સાચો ઠેરવ્યો : ટિકાકારોને વિરાટ કોહલી દ્વારા આપવામાં આવેલ જડબાતોડ જવાબ**

ઓછામાં ઓછી ૪૦ મેચો રમે છે. તેના ઉપર સખત પ્રેશર હોય છે અને તેને આરામની જરૂર હોય છે. ઉલ્લેખનીય છે કે, શ્રીલંકા ટેસ્ટ સીરીઝ માટે જાહેર થનારી ટીમમાં પહેલા હાર્દિક પંડ્યાનું નામ સામેલ હતું પરંતુ ન્યુઝીલેન્ડ સામેની સીરીઝ શરૂ થવાના થોડાક સમય પહેલા બીસીસીઆઈએ તેને આરામ આપવાનો નિર્ણય કર્યો હતો. આ અંગે ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિકે પોતે પણ એક મુલાકાતમાં કહ્યું હતું કે, તેણે પોતે બીસીસીઆઈને તેને આરામ આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી. ટીમ ઈન્ડિયા સતત સારો દેખાવ કરતી હોવા છતાં અવારનવાર સિનિયર ક્રિકેટરો મહેન્દ્રસિંહ ધોની તો ક્યારેક વર્તમાન સુકાની વિરાટ કોહલીને ટાર્ગેટ કરીને પૂર્વ ક્રિકેટરો દ્વારા નિવેદનો કરવામાં આવતા હોય છે. જેને લઈને ટીમ ઈન્ડિયાના કોચ રવિ શાસ્ત્રીએ પણ ગઈકાલે કહ્યું હતું કે, પૂર્વ ક્રિકેટરો તેમના સમયમાં કેવું રમ્યા હતા તેના ઉપર માત્ર તેઓ નજર નાંખી દે તો પણ પુરતું છે.

## સુખોઈ ફાઈટર જેટથી થશે બ્રહ્મોસ મિસાઈલનું પરિક્ષણ

**આ પરીક્ષણને ડેડલી કોમ્બીનેશન મનાય છે : બ્રહ્મોસ મિસાઇલ દુશ્મન દેશની સીમામાં સ્થાપિત આંતકી અડ્ડાઓ પર હુમલો કરવામાં રામબાણ સાબિત થશે**

નવીદિલ્હી,તા.૧૫
દુશ્મનની સરહદમાં ઘૂસીને લક્ષ્ય ભેદવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલનું પરિક્ષણ હવે સુખોઈ ફાઈટર જેટથી કરવામાં આવશે. અવાજની ગતિથી લગભગ ત્રણ ગણું વધારે એટલે કે, ૨.૮ માકની ગતિથી હુમલો કરવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલનું આ સપ્તાહે સૌપ્રથમવાર સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર જેટ મારફતે પરીક્ષણ કરવામાં આવશે. ફાઈટર જેટથી માર કરવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલના આ પરીક્ષણને ડેડલી કોમ્બીનેશન મનાય છે. હવામાંથી જમીન પર માર કરતી બ્રહ્મોસ મિસાઈલનો દુશ્મન દેશની સીમામાં સ્થાપિત આંતકી અડ્ડાઓ પર હુમલો કરવામાં રામબાણ સાબિત થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ મિસાઈલ અંડરગ્રાઉન્ડ પરમાણું બંકરો, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને સમુદ્રની ઉપર ઉડી રહેલા એરક્રાફ્ટ્સને દૂરથી જ નિશાન બનાવવામાં સક્ષમ છે. પાછલા એક દાયકામાં સેનાએ ૨૯૦ કિલોમીટરની રેન્જમાં જમીન પર માર કરવાવાળી બ્રહ્મોસ મિસાઈલને પહેલા જ પોતાના બેડામાં સામેલ કરી લીધી છે. બ્રહ્મોસ મિસાઈલ માટે ૨૭,૧૫૦ કરોડ રૂપિયાના ઓર્ડર અપાયા છે. આ માટે સેના, નેવી અને ઈન્ડિયન એર ફોર્સે પોતાનો રસ દાખવ્યો છે. જૂન-૨૦૧૬માં ભારતના ૩૪ દેશોના સંગઠન મિસાઈલ ટેકનોલોજી કંટ્રોલ રીજીમનો હિસ્સો બન્યા બાદ હવે મિસાઈલોની રેન્જની સીમા પણ હવે ખત્મ થઈ ગઈ છે. આવા સમયે સશસ્ત્ર બલ બ્રહ્મોસના ૪૫૦ કિલોમીટરના રેન્જ સુધી માર કરવાવાળા વર્ઝનના પરીક્ષણની તૈયારીમાં છે. એમટીસીઆરનું સભ્યપદ મળ્યા બાદ હવે ભારત

● અનુસંધાન પાન-૫ પર

## એરબેઝમાં ઘુસી રહેલા યુવક પર ગોળીબાર

ગાઝિયાબાદ,તા.૧૫
મંગળવારે મોડી રાત્રે શાહીબાગ ખાતે આવેલા એરફોર્સ સ્ટેશનમાં ઘુસવાનો પ્રયાસ કરી રહેલા એક સંદિગ્ધને સુરક્ષા કર્મીઓ દ્વારા ગોળી મારવામાં આવી હતી. બાદમાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની પુછપરછ કરવામાં આવી હતી. પુછપરછ દરમિયાન આ શંકાસ્પદ વ્યક્તિ વારંવાર પોતાના નિવેદનો બદલી રહ્યો હતો. શરૂઆતમાં તેણે કહ્યું કે તેને ભુખ લાગી હતી. બાદમાં તેણે કહ્યું કે, તે ત્યાં બેસવા ઈચ્છતો હતો. આ સાથે જ તેણે એમ પણ કહ્યું કે, દુબઈ સઉદી અરબ જવા ઈચ્છતો હતો.















| ઈંધણ માપણી યુનિટ | CNG (કિ.ગ્રા.માં) | બીજા ઈંધણ (લિ.માં) |
|---|---|---|
| બળતણની કિંમત (રૂા. પ્રતિ યુનિટ)* | ૪૭.૫૦ | ૭૦.૧૫ |
| માઈલેજ કિ.મી.માં # | ૨૩ | ૧૫ |
| વપરાશ ખર્ચ (રૂા. પ્રતિ કિ.મી.) | ૨.૦૭ | ૪.૬૮ |
| વાહનનો સરેરાશ વપરાશ (કિ.મી.) પ્રતિદિન | ૫૫ | ૫૫ |
| વપરાશ ખર્ચ (રૂા. પ્રતિવર્ષ) | ૪૧,૪૫૯ | ૯૩,૮૮૪ |
| બીજા ઈંધણના સરખામણીમાં થતી બચત (રૂા. પ્રતિવર્ષ) | ૫૨,૪૨૫ | |

#પ્રમાણભૂત ડ્રાઈવીંગ શરતો હેઠળ
*05.10.2017 ના ભાવ પ્રમાણે

ગુજરાત ગેસ CNG અપનાવો, બચતની સાથે ખુશીઓ પણ લાવો
સમગ્ર ગુજરાતમાં CNG સ્ટેશનો ઉપલબ્ધ
વધુ માહિતી માટે મીસ્ડ કોલ કરો ૧૮૦૦-૧૨૩-૬૦૦૦
GUJARAT GAS
www.gujaratgas.com